| | |
|---|---|
| Date | 2nd March 2025 |
| Publication | Divya Bhaskar |
| Spokesperson | Karthik Srinivasan |

### મજબૂત વપરાશ, મહત્વાકાંક્ષી ખર્ચ-વધતા ધિરાણના પ્રસારથી

# દેશમાં કન્ઝ્યુમર ડ્યુરેબલ લોનની માંગમાં ઝડપી નોંધપાત્ર વૃદ્ધિ નોંધાઈ

**મજબૂત વપરાશ, મહત્વાકાંક્ષી ખર્ચ અને વધતા ધિરાણના પ્રસારને કારણે છેલ્લા એક વર્ષમાં કન્ઝ્યુમર ડ્યુરેબલ લોનની માંગમાં નોંધપાત્ર વધારો થયો છે. નાણાંકીય વર્ષ 2024માં કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ માટેની બાકી લોન બુક વાર્ષિક ધોરણે 27 ટકા વધી 0.71 ટ્રિલિયન થઈ હતી, જે ટેલિવિઝન, રેફ્રિજરેટર્સ, વોશિંગ મશીન અને એર કંડિશનર્સ જેવા ઘરેલુ ઉપકરણોની ઊંચી માંગને કારણે વધી હતી. ચોથા ત્રિમાસિકમાં લોન વૃદ્ધિને વેગ મળ્યો હતો તેવો નિર્દેશ એચડીબી ફાઈનાન્સિયલ સર્વિસિઝના ચીફ બિઝનેસ ઓફિસર કાર્તિક શ્રીનિવાસને દર્શાવ્યો હતો.**

**પહેલી વખત ઋણ લેનારાઓ અથવા મર્યાદિત ક્રેડિટ હિસ્ટ્રી ધરાવતા લોકો માટે એનબીએફસી દ્વારા ખાસ તૈયાર કરાયેલી કોઈ લોન પ્રોડક્ટ્સ છે?**

એનબીએફસી પહેલી વખત ઋણ લેનારાઓ અને મર્યાદિત ક્રેડિટ હિસ્ટ્રી ધરાવતા લોકોને સેવાઓ પૂરી પાડવામાં મહત્વની ભૂમિકા ભજવે છે અને તેમની અનોખી નાણાંકીય જરૂરિયાત સંતોષવા માટે ખાસ બનાવાયેલી લોન પ્રોડક્ટ્સ ઓફર કરે છે. એનબીએફસીએ ખાસ તો પહેલી વખત ખરીદી કરતા કોમર્શિયલ વ્હીકલ ફાઈનાન્સિંગમાં અગ્રણી હિસ્સો મેળવ્યો છે. તેઓ તેમના ગહન સ્તરે પહોંચેલા ગ્રાહક સંબંધો, સ્થાનિક અર્થતંત્રોની શ્રેષ્ઠ સમજ અને સરળ લોન પ્રોસેસિંગ ક્ષમતાઓનો લાભ લે છે. ઊંચો લોન-ટુ-વેલ્યુ (એલટીવી) રેશિયો વિસ્તારવાની અને ઊંચું ધિરાણ જોખમ લેવાની તેમની ક્ષમતા આ સેગમેન્ટમાં તેમની સ્થિતિને વધુ મજબૂત બનાવે છે.

**ક્રેડિટ ગેપને દૂર કરવા અને વંચિત સમુદાયોમાં નાણાંકીય સશક્તિકરણ લાવવા માટે સક્ષમ છે?**

વૈવિધ્યસભર પ્રોડક્ટ પોર્ટફોલિયો, દેશવ્યાપી મજબૂત હાજરી અને ઝડપી ટર્નઅરાઉન્ડ ટાઈમ સુનિશ્ચિત કરતી ટેકનોલોજી આધારિત કાર્યક્ષમતા સાથે એનબીએફસી પહેલી વખત ઉધાર લેનારાઓની વિકસતી ધિરાણ જરૂરિયાતોને પહોંચી વળવા માટે સારી સ્થિતિમાં છે. તેમનો ગહન ગ્રાહક-કેન્દ્રિત અભિગમ અને મજબૂત રિસ્ક એસેસમેન્ટ ફ્રેમવર્ક તેમને ક્રેડિટ ગેપને દૂર કરવા અને વંચિત સમુદાયોમાં નાણાંકીય સશક્તિકરણ લાવવા માટે સક્ષમ બનાવે છે. કન્ઝ્યુમર ડ્યુરેબલ લોનનો 50 ટકા હિસ્સો ધરાવે છે અને ત્યારબાદ ગ્રામીણ (33 ટકા) અને અર્ધ-શહેરી (12 ટકા) વિસ્તારો આવે છે. નાણાંકીય વર્ષ 2024 અને 2027 વચ્ચે અંદાજિત 19-21 ટકા સીએજીઆર સાથે આ સેગમેન્ટ વિસ્તરણ માટે તૈયાર છે.

**લોનની પહોંચ કઈ રીતે સુનિશ્ચિત કરે છે કે લોન લેનારા દેવાની જાળમાં ન ફસાય?**

એચડીબીએફએસ ખાતે અમે આધુનિક રિસ્ક મોડલ્સ અને અંડરરાઈટિંગ ધોરણો, સતત ક્રેડિટ મોનિટરિંગ દ્વારા જવાબદાર ધિરાણ સુનિશ્ચિત કરીએ છીએ અને ઋણ લેનારાઓને દેવાની જાળમાં ફસાતા અટકાવીએ છીએ. ટેક્નોલોજી અને રિસ્ક એનાલિટિક્સ સાથે જોડાયેલો અમારો ડેટા-આધારિત અભિગમ નાણાંકીય સ્થિરતા સુનિશ્ચિત કરતી વખતે અમને જાણકાર ધિરાણ નિર્ણયો લેવામાં મદદ કરે છે. નાની રકમની કન્ઝ્યુમર લોન માટે અમે ઓટોમેટેડ સ્કોરકાર્ડનો ઉપયોગ કરીએ છીએ, જ્યારે મોટી લોનનું ફિઝિકલ ઈવેલ્યુએશન સહિત સ્વતંત્ર ક્રેડિટ એસેસમેન્ટ થાય છે. અમારી 4,500 સભ્યોની સમર્પિત અંડરરાઈટિંગ ટીમ હિતોના સંઘર્ષને દૂર કરીને વેચાણ વિભાગથી અલગ રીતે કામ કરે છે.

**કસ્ટમાઈઝડ ફાઈ. સોલ્યુશન્સ શું છે ?**

એનબીએફસી આ વૃદ્ધિમાં મહત્વપૂર્ણ રહી છે, જેણે નાણાંકીય વર્ષ 2024માં 66 ટકા કન્ઝ્યુમર ડ્યુરેબલ ફાઈનાન્સનું યોગદાન આપ્યું છે. તેમના કસ્ટમાઈઝડ ફાઈનાન્શિયલ સોલ્યુશન્સ, લૉ-ટિકિટ-સાઈઝ વિતરણ અને સામાન્ય વર્ગના ગ્રાહકોને સેવાઓ આપવાની ક્ષમતાએ તેમની બજારમાં હાજરીને મજબૂત બનાવી છે.

**પરંપરાગત વાહનોની તુલનામાં ઈવી માટે ફાઈ.માં તમે કયા ટ્રેન્ડ્સ જોઈ રહ્યા છો?**

ભારતમાં ઈવી ફાઈનાન્સિંગ ઝડપથી વધી રહ્યું છે, જ્યાં સુધી ઈવી ફાઈનાન્સિંગનો સંબંધ છે ત્યાં સુધી પરિસ્થિતિ બદલાઈ રહી છે. આ ઉદ્યોગ સતત ઝડપી વૃદ્ધિ સાથે 2030 સુધીમાં રૂ. 3.7 લાખ કરોડ સુધી પહોંચે તેવો અંદાજ છે. નાની કંપનીઓના આવવા સાથે વિસ્તરી રહ્યું છે અને આગામી બે વર્ષ નક્કી કરશે કે લાંબા ગાળે અહીં કોણ ટકી રહેશે.